પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ અંક : ૨૯૭ કુલ પાના : ૪ તારીખ : ૦૯-૦૮-૨૦૨૪ શુક્રવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ લોકસભામાં વકફ સંશોધન બિલ ૨૦૨૪ રજૂ કર્યું.જોકે બિલ આજે પસાર થયું નહીં

નવીદિલ્હી,

કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ લોકસભામાં વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યું હતું જોકે આ બિલનો કોંગ્રેસ અને સપા સહિત ભારતીય સહયોગી પક્ષોએ જોરદાર વિરોધ કર્યો હતો. આ બિલને લઈને લોકસભામાં ભારે હોબાળો થયો હતો. કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલે લોકસભામાં વકફ (સુધારા) બિલનો વિરોધ કરતા કહ્યું કે આ બિલ બંધારણ પર મૂળભૂત હુમલો છે. આ બિલ દ્વારા તેઓ એવી જોગવાઈ કરી રહ્યા છે કે બિન-મુસ્લિમો પણ વકફ ગવર્નિંગ કાઉન્સિલના સભ્ય હશે. આ ધર્મની સ્વતંત્રતા પર સીધો હુમલો છે. આ પછી ખ્રિસ્તીઓનો નંબર આવશે, પછી જૈનોનો. જો કે આ બિલ આજે લોકસભામાં પસાર થઈ શક્યું ન હતું.

કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ બિલ રજુ કરતા કહ્યું કે વિપક્ષની તમામ આશંકાઓ દૂર કરવામાં આવશે. આ બિલ કોઈના અધિકારો છીનવી લેવા માટે લાવવામાં આવ્યું નથી પરંતુ જેમને ક્યારેય તેમનો અધિકાર મળ્યો નથી તેમને અધિકાર આપવા માટે લાવવામાં આવ્યો છે.વકફ બોર્ડ એક્ટમાં સુધારો બિલ રજૂ થતાં જ લોકસભામાં હોબાળો શરૂ થયો હતો.બાદમાં કેન્દ્રીય મંત્રી રિજિજુએ કહ્યું, 'આ બિલ કોઈપણ ધાર્મિક સંસ્થાની સ્વતંત્રતામાં દખલ નહીં કરે. કોઈના અધિકારો છીનવી લેવાનું ભૂલી જાઓ, આ બિલ એવા લોકોને આપવા માટે લાવવામાં આવ્યું છે જેમને ક્યારેય અધિકાર નથી મળ્યા.તેમણે વધુમાં કહ્યું



કે, 'આ બિલ દ્વારા બંધારણનું ઉલ્લંઘન નથી થઈ રહ્યું. જેમને નથી મળ્યા તેમને અધિકાર આપવા માટે આ પગલું ભરવામાં આવી રહ્યું છે. કોઈપણ ધર્મમાં દખલગીરી નથી. વિપક્ષની તમામ આશંકાઓ દૂર કરવામાં આવશે. આ બિલનું સમર્થન કરો, તમને કરોડો લોકોના આશીર્વાદ મળશે.રિજિજુએ કહ્યું, 'આજે જે બિલ લાવવામાં આવી રહ્યું છે તે સચ્ચર કમિટીના રિપોર્ટ પર આધારિત છે (જેમાં સુધારાની વાત કરવામાં આવી હતી), જે તમે (કોંગ્રેસ) દ્વારા બનાવવામાં આવી હતી.'

રિજિજુએ કહ્યું, 'તેઓ (વિપક્ષ) મુસ્લિમોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. મોડી રાત સુધી મુસ્લિમ પ્રતિનિધિમંડળ મારી પાસે આવ્યું હતું. ઘણા સાંસદોએ મને કહ્યું છે કે માફિયાઓએ વક્ફ બોર્ડ પર કબજો કરી લીધો છે. કેટલાક સાંસદોએ કહ્યું છે કે તેઓ વ્યક્તિગત રીતે બિલને સમર્થન આપે છે, પરંતુ તેમના રાજકીય પક્ષોને કારણે તેમ નથી કહી રહ્યા. અમે આ બિલ પર બહુ-સ્તરીય દેશવ્યાપી ચર્ચાઓ કરી છે.જ્યારે વિપક્ષે નેતાઓના નામ પૂછ્યા તો મંત્રીએ કહ્યું, 'હું તમારા રાજકીય સંબંધો બગાડીશ નહીં. એટલા માટે હું નામ નહિ કહું.લઘુમતી બાબતોના મંત્રીએ કહ્યું કે આ બિલને હવે 'યુનાઈટેડ વકફ એક્ટ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશિયન્સી એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૯૫- 'ઉમેદ' નામ આપવામાં આવ્યું છે. તેથી, હું આશા રાખું છું કે તમે બિલની જોગવાઈઓને સમજશો અને સમર્થન કરશો.

તેમણે વધુમાં કહ્યું કે, 'સંસદના સભ્યોને કોઈ ધર્મ સાથે જોડવા યોગ્ય નથી. અમે એવું નથી કહી રહ્યા કે અલગ-અલગ ધર્મના લોકોને વકફ બોર્ડનો ભાગ બનાવવામાં આવે. અમે કહી રહ્યા છીએ કે સંસદ સભ્ય વકફ બોર્ડનો સભ્ય હોવો જોઈએ. હવે જો સાંસદ હિંદુ હોય કે ખ્રિસ્તી, તો આપણે તેના વિશે શું કરી શકીએ. હવે જો સાંસદ હોવાના આધારે વકફ બોર્ડમાં કોઈ સાંસદ ઉમેરવામાં આવે તો શું આપણે સાંસદનો ધર્મ બદલવો જોઈએ? વિપક્ષ અર્થહીન મુદ્દો બનાવી રહ્યો છે.તેમણે કહ્યું કે બોર્ડને સારી રીતે ચલાવવા માટે જાણકાર લોકોની જરૂર છે. વકફ બોર્ડના સંચાલન માટે સારી સમજ ધરાવતા લોકોની નિમણૂક કરવી જોઈએ. આ બિલનું સમર્થન કરો, તેમણે કહ્યું, 'તમને કરોડો લોકોના આશીર્વાદ મળશે. કેટલાક લોકોએ વક્ફ બોર્ડ પર કબજો કરી લીધો છે. આ બિલ ઈતિહાસમાં નોંધાશે. આ બિલને સમર્થન અને વિરોધ કરનારાઓના નામ ઈતિહાસમાં જોવા મળશે.

કિરેન રિજિજુએ કહ્યું કે આ સંયુક્ત સંસદીય સમિતિની ભલામણ છે. આજે તમારે અમારા વખાણ કરવા જોઈએ. તેઓ રાજકીય દબાણ હેઠળ આ કરી રહ્યા છે અને આંતરિક રીતે દરેક સૂચનો આપી રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં આ બિલ પર ઘણી બધી પરામર્શ કરવામાં આવી છે, જે બીજી કોઈ સરકારે કરી નથી. જેઓ બંધારણને ટાંકીને બિલના હેતુને ગેરમાર્ગે દોરવા માગે છે.

કિરેન રિજિજુએ કહ્યું કે આપણા દેશમાં કોઈ કાયદો બંધારણથી ઉપર ન હોઈ શકે. આ ૧૯૯૫ના વકફ કાયદામાં એક જોગવાઈ છે જે ટોચ પર છે. તે ગૃહની જવાબદારી છે, ગરીબ મહિલા કોઈ પણ હોય, ન્યાય આપવામાં જો કોઈ ઉણપ હોય તો તેને પુરી કરવી જોઈએ. અમે જે સુધારા બિલ લાવ્યા છીએ તેમાં તમામ જોગવાઈઓ છે.તેમણે કહ્યું કે આ સારો સમય છે, જે પણ ભૂલ થઈ છે, તે ઠીક છે કે માણસો ભૂલો કરે છે, કોંગ્રેસે કરી. આજે સુધારો કરવાનો સમય છે. ઓછામાં ઓછું સુધારો કરતી વખતે વિરોધ ન કરો. ઘણા નેતાઓ મારી પાસે અંગત રીતે આવ્યા છે અને મને કહ્યું છે કે દેશના તમામ વકફ બોર્ડ માફિયાઓએ કબજે કરી લીધા છે. ઘણા સાંસદોએ કહ્યું કે પાર્ટી વિરોધ કરી રહી છે પરંતુ અંદરથી હું સમર્થન કરી રહ્યો છું.

## ઓલિમ્પિકમાં વધુ એક મેડલની આશા જીવંત, પહેલવાન અમન સહરાવતની સેમી ફાઈનલમાં એન્ટ્રી

પેરિસ,

૫૭ કિલોગ્રામ રેસલિંગ કેટેગરીમાં ભારતીય કુસ્તીબાજ અમન સેહરાવતે શાનદાર પ્રદર્શન કરીને સેમી ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. પ્રથમ મેચ ૧૦-૦થી જીતનાર અમને કવાર્ટર ફાઈનલમાં પણ અદ્ભુત ચાલ બતાવીને મેચ જીતી લીધી હતી.ઝજ્જરના કુસ્તીબાજે પેરિસમાં કમાલ કરી બતાવી છે. અમે વાત કરી રહ્યા છીએ અમન સેહરાવતની, જેણે ૫૭ કિગ્રા કુસ્તી કેટેગરીમાં શાનદાર પ્રદર્શન કર્યું અને સેમિફાઈનલમાં જગ્યા બનાવી. અમન સેહરાવતે અલ્બેનિયન રેસલરને ૧૨-૦થી હરાવ્યો હતો. આ જીત સાથે અમન હવે મેડલથી એક પગલું દૂર છે. જો અમન સેહરાવત સેમિફાઈનલ




જીતીને ફાઈનલમાં પહોંચશે તો તેનો સિલ્વર મેડલ કન્ફર્મ થઈ જશે અને જો તે ત્યાં પણ જીતશે તો ગોલ્ડ મેડલ તેના નામે થઈ જશે.

અમન સેહરાવતની કારકિર્દી શાનદાર રહી છે. ૨૧ વર્ષનો આ રેસલર ઘણી મોટી સ્પર્ધાઓમાં ગોલ્ડ જીતી ચૂક્યો છે. ગયા વર્ષે તેણે એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યો હતો. તે જ વર્ષે તેણે ઝાગ્રેબમાં પણ ગોલ્ડ જીત્યો હતો. તેણે બુડાપેસ્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ૨૦૨૨માં અમને ૬૧ કિગ્રા વર્ગમાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો. જો કે આ ખેલાડી હવે ૫૭ કિગ્રા વર્ગમાં રમે છે.અમન સેહરાવતની ઓલિમ્પિક સુધી પહોંચવાની સફર એટલી સરળ નહોતી. બાળપણમાં જ ખેલાડીએ માતા-પિતાનો છાયો ગુમાવ્યો હતો. આમ છતાં અમાને પોતાની જાત પર કાબૂ રાખ્યો અને કુસ્તીમાં કારકિર્દી બનાવી. અમને માત્ર પોતાના શિક્ષણ માટે જ નહીં પરંતુ તેની નાની બહેનના શિક્ષણ માટે પણ ખર્ચ ઉઠાવ્યો હતો. અમન સેહરાવત પાસે પૈસા નહોતા પરંતુ આ ખેલાડીએ દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમમાં કુસ્તી શીખી હતી. અમને દિલ્હીના છત્રસાલ સ્ટેડિયમમાં કોચ પ્રવીણ દહિયા પાસેથી કુસ્તીના દાવપેચ શીખ્યા છે. તેણે જ આ ખેલાડીની પ્રતિભાને ઓળખી અને આજે જુઓ આ ખેલાડી ઓલિમ્પિક મેડલથી માત્ર એક ડગલું દૂર છે. અમન સેહરાવત પ્રી-ક્વાર્ટર ફાઈનલ અને ક્વાર્ટર ફાઈનલ બંનેમાં ટેકનિકલી સફળ રહ્યો હતો.

## જાપાનમાં ૭.૧ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપથી ધરા ધ્રુજી, સુનામીની ચેતવણી જાહેર

ટોકયો

જાપાનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. ભૂકંપની તીવ્રતા રિકટર સ્કેલ પર ૭.૧ માપવામાં આવી છે. ભૂકંપની સાથે સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. આ ભૂકંપના આંચકા જાપાનના મિયાઝાકી વિસ્તારમાં અનુભવાયા છે.

જાપાનમાં ફરી એકવાર ભૂકંપથી લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. ગુરુવારે દક્ષિણ જાપાનમાં ફરી ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ



આવ્યો. અનેક શહેરોમાં તેના આંચકા અનુભવાયા છે. ભૂકંપ બાદ જાપાને સુનામીની ચેતવણી જાહેર કરી છે. સુનામી ૭:૫૦ જીએમટી વાગ્યે દક્ષિણ જાપાનમાં ત્રાટકે તેવી ધારણા છે. જાપાનના હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. રિએક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૧ માપવામાં આવી છે.

આ ભૂકંપના આંચકા જાપાનના મિયાઝાકી વિસ્તારમાં અનુભવાયા હતા. જોરદાર ભૂકંપના કારણે સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. જાપાનના દરિયાકાંઠાના વિસ્તારો, ખાસ કરીને મિયાઝાકી, કોચી, ઈહિમે, કાગોશિમા અને આઈતા માટે સુનામી એલર્ટ જારી કરવામાં આવ્યું છે.















ગુજરાતસરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઓન લાઈન જાહેર નિવિદા : નં.એસ.ડી.સી/૩ સને ૨૦૨૪

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ, ગોધરા ઈંડિયન રેડક્રોસ સોસાયટીની બાજુમાં, ગોધરા સિવિલ લાઇન, ગોધરા-૩૮૯૦૦૧, ટેલીફોન નં.૦૨૬૭૨-૨૪૮૪૦૦ની કચેરી દ્વારા ટેમ્પરરી વીજળીકરણના અ.નં.૧ થી ૪ ના કામ કે જેની અંદાજીત રકમ રૂા. ૧.૦૨ એક લાખ બે હજાર થી રૂ. ૨.૭૪ બે લાખ ચુમોત્તેર હજાર છે. તેના માટે વિભાગની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ તથા સદર કામના નિષ્ણાતો પાસેથી ઓનલાઈન ટેન્ડર (ઈ-ટેન્ડર સીસ્ટમ)થી ભાવ મંગાવવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ કરવાની તથા ટેન્ડરમાં ભાવો ભરીને ઓનલાઈન ટેન્ડર મોકલવાની છેલ્લી તા. ૨૦/૦૮/૨૦૨૪ રાખવામાં આવેલ છે. સદર હું કામના ટેન્ડર તા.૨૦/૦૮/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૦૫ કલાકે ગોધરા વિદ્યુત (મા.મ) પેટા વિભાગ ગોધરાની કચેરીમાં ખોલવામાં આવશે. વધુ માહિતી માટે જાહેર રજાના દિવસ સિવાય આ કચેરીનો સંપર્ક સાધવા વિનંતી. ટેન્ડર નોટીસની વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી મેળવી તથા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

(માહિતી/ગોધરા/૨૭૮/૨૪)

# વિરપુરની અંબીકા સોસાયટી પાસે દાણ ભરેલી ટ્રક પલ્ટી



વિરપુર,
મહિસાગર વિરપુરની અંબીકા સોસાયટી પાસેના રસ્તા પર દાણ ભરેલી ટ્રક જતાં પલ્ટી જેમાં ચાર મજુર સવાર હતા જેમા એક મજુરનુ ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું. પશુઓ માટેનુ દાણ ભરેલી GJ07- YZ0154 ટ્રક કપડવંજના કાપડીની વાવથી આવતી ટ્રક વિરપુરની અંબીકા સોસાયટી પાસેના રસ્તા પરથી પુરપાટ ઝડપે પસાર થઈ રહ્યું હતું. તે દરમ્યાન ચાલકની બેદરકારીના લીધે લોડીંગ ટ્રક વળાંક લેતા અચાનક ટ્રકની પલ્ટી જતાં ચાર મજુર દાણની બોરીઓ પર બેઠા હતા. તે દરમ્યાન ચારેય મંજુર દાણની બોરીઓ સાથે ફંગોળાઈ ગયા હતા. જે પૈકી એક મજુરનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ આજુબાજુના રહીશોને થતાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. જેમાંથી ચાર જેટલા મજુરોને દાણની બોરીઓ માંથી બહાર કઢાયા હતા. જેમાંથી એક મજુરનુ સ્થળ પર જ મૃત હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. અકસ્માત બાદ વિરપુર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને બાકીના ત્રણ મજુરને સારવાર અર્થે લુણાવાડા ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનામાં મરણજનાર મજુર વિરપુરના બોર ગામનો કિરણભાઈ જવાનભાઈ ઠાકોર હોવાનું બહાર આવ્યું છે. મરણજનાર કિરણના પરીવારને જાણ થતાં સ્થળ પર દોડી આવ્યા હતા. રોકકળ મચાવી દીધી હતી ત્યારે હાલતો વિરપુર પોલીસે મૃતદેહનો કબજો મેળવી પીએમ અર્થે મોકલી દેવામાં આવ્યો છે. આ અકસ્માત બાદ ટ્રક ચાલક સ્થળ પરથી નાસી છુટયો હતો. ત્યારે હાલતો વિરપુર પોલીસ સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે.

# બાલાસિનોરની મેડિકલ દુકાનોમાં દવાઓના બિલ આપવામાં નહીં આવતા હોવાની ફરિયાદ

બાલાસિનોર,
બાલાસિનોર મેડિકલ સ્ટોર ઉપર અંધેરી નગરી મે ગંડુ રાજા જેવો વહીવટ ડ્રગ્સ વિભાગના અધિકારીઓની રહેમ નજર હેઠળ વ્યાપક પ્રમાણમાં ફુલ્યો ફાલ્યો છે. ત્યારે માત્ર ફાર્માસિસ્ટના બોર્ડ/મેડિકલ સ્ટોરમાં ગર્ભપાત તેમજ લગાવી લાયકાત ના ધરાવતા ઈસમો બીનઅધિકૃત ઈસમો દ્વારા વેચાણ કરવામાં આવી રહ્યું છે. મળતી વિગતો અનુસાર બાલાસિનોર નગર વિસ્તારમાં ૨૦ ઉપરાંત મેડિકલ સ્ટોર આવેલા છે. જેમાં ફાર્મસીસ્ટના લાયસન્સ હેઠળ આ મેડિકલ સ્ટોર ચલાવવામાં આવે પરંતુ માત્ર લાયસન્સ પુરતું મેડિક સ્ટોરમાં લાઈસન્સ લબડાવી અન્યલાયકાતના ધરાવતા હોય તેવા વ્યક્તિઓ દવાઓનો વિતરણ કરી રહ્યા છે. તેમજ બાલાસિનોરમાં અનેક પ્રતિબંધિત દવાઓનું વેચાણ બે રોકટોક થઈ રહ્યું છે. સમગ્ર બાબતે ડ્રગ્સ વિભાગ કાયદેસરની કાર્યવાહી કરવાની જગ્યાએ માત્ર દર મહિને ઉઘરાણું કરતા હોવાની ચર્ચાઓએ બાલાસિનોરમાં ચર્ચાઓમાં જોર પકડયું છે.

## સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારીની કચેરી ૧૨ ઓગસ્ટ થી સરદાર પટેલ ભવન, નડીઆદ ખાતે સ્થાળાંતર થશે

નડિઆદ,
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારીની અખબારી યાદી જણાવે છે કે સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રિકરણ અધિકારી, જી. ખેડા, મું. નડીઆદની કચેરી હાલ સ્ટેટ બેન્કના મેડા ઉપર, સ્ટેશન રોડ, નડીઆદ ખાતે કાર્યરત છે. આ કચેરી અત્રેથી સ્થળાંતર કરી રૂમ નં. ૦૦૭ થી ૦૦૮, ગ્રાઉન્ડ ફલોર, બ્લોક–સી, સરદાર પટેલ ભવન, નડીઆદ ખાતે તા. ૧૨/૦૮/૨૦૨૪ થી કાર્યરત થશે. જેની નડીઆદની જાહેર જનતા તથા લાગતા વળગતાએ નોંધ લેવી.

## સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત હસ્તક જીલ્લા રમતગમત અધિકારીની કચેરી મહિસાગર દ્વારા નહેરૂ સબ જુનિયર હોકી ટુર્નામેન્ટનું આયોજન

મહીસાગર,
રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત,ગાંધીનગર અને જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, મહિસાગર સંચાલિત જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. તે બાબતે ૪૧ મી નહેરૂ સબ જુનિયર હોકી ટુર્નામેન્ટ ( અં–૧૫ ભાઈઓ), ૫૨ મી નહેરૂ સબ જુનિયર હોકી ટુર્નામેન્ટ (અં–૧૭ ભાઈઓ) અને ૩૦ મી નહેરૂ સબ જુનિયર હોકી ટુર્નામેન્ટ ( અં–૧૭ બહેનો )નું આયોજન કરવામાં આવનાર છે. જેથી મહીસાગર જીલ્લા કક્ષાની સ્પર્ધાની એન્ટ્રી તા.૧૬/૦૮/૨૦૨૪ સુધીમાં જીલ્લા રમતગમત અધિકારીની કચેરી મહીસાગર રૂમ નંબર ૨૧૨, બીજો માળ કલેકટર કચેરી મહીસાગર ખાતે મોકલી આપવાની રહેશે.

# ખેડા જીલ્લાનાં યુવાનો માટે અગ્નિવીર ભરતીમાં જોડાવાની તક

નડિઆદ,
ખેડા જીલ્લાના જે ઉમેદવારો લશ્કરમાં અગ્નિવીર તરીકે જોડાવા ઈચ્છુક હોય તેમના માટે જીલ્લા રોજગાર કચેરી દ્વારા ૩૦ દિવસીય તાલીમનુંઆયોજન કરવામાં આવ્યું છે. ખેડા જીલ્લાના જે ઉમેદવારો આ નિઃશુલ્ક તાલીમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓની શૈક્ષણિક લાયકાત ધોરણ–૧૦,૧૨ પાસ કે તેથી વધુ, શકશે. આ ૩૦ દિવસીય તાલીમ વર્ગમાં રહેવા–જમવાની સુવિધા સાથે શારીરિક અને બૌદ્ધિક કસોટી માટેની નિઃશુલ્ક તૈયારીઓ કરાવવામાં આવશે. ઓછામાં ઓછી ૮૦ ટકા હાજરી ધરાવતાં ઉમેદવારોને હાજરી મુજબ પ્રતિદિન રૂ.૧૦૦/– લેખે સ્ટાઈપેન્ડ પણ મળવાપાત્ર થશે. આ અગાઉ જે ઉમેદવારોએ જીલ્લા રોજગાર કચેરી દ્વારા આયોજીત ૩૦ દિવસીય નિવાસી તાલીમવર્ગમાં તાલીમ મેળવેલ હોય તે સિવાયના ઉમેદવારોએ અરજી કરવી. વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર ૦૨૬૮ ૨૫૫૧૨૯૨ અથવા જીલ્લા રોજગાર કચેરી– બ્લોક એ, બીજો માળ, સરદાર પટેલ ભવન, નડિયાદ ખાતે કામકાજના દિવસોમાં રૂબરૂ સ્વખર્ચે ઉપસ્થિત રહેવા જીલ્લા રોજગાર અધિકારી ખેડા નડિયાદની યાદીમાં જણાવાયું છે.

## કુવેચિયાની યુવતીનું અપહરણ કરનાર શખ્સ ચોટીલાથી ઝડપાયો

બાલાસિનોર,
૬ ઓગસ્ટના રોજ બાલાસિનોરની યુવતી ગુમ થયા અંગે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. જેની તપાસમાં જઠોલી તાબે આવેલા કુવેચિયા ગામના વિજય ઉર્ફે બાબુ લાલાભાઈ સોઢા યુવતીનું બીજીવાર અપહરણ કરીને તેને ભગાડી ગયો હોવાનું ધ્યાને આવતાં પોલીસ દ્વારા ટેકનિકલ અને હ્યુમન સોર્સિસ આધારે તપાસ કરતાં વિજય ચોટીલા હોવાનું માલુમ પડયું હતું. જેથી પોલીસે ચોટીલા નજીક ખેતરની વાડીમાંથી વિજયને ઝડપી પાડી તેના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વિજય આ અગાઉ પણ યુવતીને ભગાડી ગયો હતો.

## સ્વાતંત્ર્ય પર્વઃ રાજ્ય ઉત્સવ ખેડા-નડિયાદ
## ખેડા જીલ્લામાં ચાર દિવસમાં ૮૪ ગામોમાં રૂ.૪૦૮.૨૭ લાખના ૧૭૪ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



નડિઆદ,
ખેડા જીલ્લામાં ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણીના ભાગરૂપે સમગ્ર જીલ્લામાં તાલુકા પંચાયત તથા નગરપાલિકા દ્વારા તા.૦૫ ઓગસ્ટ થી તા.૧૨ ઓગસ્ટ દરમિયાન વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ,ખાતમુહુર્ત કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આજે જીલ્લાનાં ૧૧ ગામોમાં રૂ. ૧૯૬.૮૩૧ લાખના કુલ ૫૮ કામોનું ખાતમુહુર્ત, લોકાર્પણ કરવામાં આવ્યું હતું. બુધવારે જીલ્લાના ૨૮ ગામોમાં રૂ. ૮૪.૨૮૭ લાખના કુલ ૫૧ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાંઆવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, કુલ ચાર દિવસમાં જીલ્લાના ૮૪ ગામોમાં રૂ. ૪૦૮.૨૭ લાખના ૧૭૪ વિકાસ કામોનું લોકાર્પણ – ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

આ કામોમાં પીવાનું પાણી, બોર, પેવર બ્લોક, ગટરલાઈન, પાણીની પાઈપલાઈન, સીસી રોડ, વરસાદી પાણીના નિકાલ માટેની ગટરલાઈન જેવા ગ્રામ્ય જનસુવિધા અને જનસુખાકારીનાં વિકાસકામોનું લોકાર્પણ–ખાતમુહુર્ત સ્થાનિક ધારાસભ્ય, પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.નોંધનીય છે કે આવતી કાલે તા.૦૯, ઓગસ્ટ,શુક્રવારના રોજ ૧૯ સ્થળોએ રૂ.૧૭૭.૯૮૫ લાખના કુલ ૪૮ કામોનું ખાતમુહુર્ત–લોકાર્પણ કરવામાં આવનાર છે.

## કેબીનેટ મંત્રીની ઉપસ્થિતિમાં દાહોદ ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

દાહોદ,
તા. ૯ ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં જળસંપતિ અને પાણી પુરવઠા અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના કેબીનેટ મંત્રી કુંવરજી બાવળીયા ના અધ્યક્ષ સ્થાને તા.૦૯/૦૮/૨૦૨૩ના રોજ ૧૦:૦૦ કલાકે જૂના ઈન્દોર હાઈવે પ્રસંગ પાર્ટી પ્લોટ ૨ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે.

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને ગરબાડા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે

દાહોદ,
તા. ૯ ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં માદયમિક શાળા જાંબુઆ રોડ ગરબાડા ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલસિંહજી પ્રેરક ઉપસ્થિતમાંઅને ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરની વિશેષ ઉપસ્થિતિમાં તા.૦૯/૦૮/૨૦૨૩ના રોજ ૧૦:૦૦ કલાકે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે.

### નડિયાદમાં ભવ્ય તિંરગા યાત્રાનું આયોજન
# એસ.આર.પી ગ્રાઉન્ડ થી ઈપ્કોવાળા હોલ સુધી તા. ૧૨ ઓગસ્ટના રોજ યોજાશે તિરંગા યાત્રા



નડિઆદ,
ખેડા જીલ્લામાં ૧૫ મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસની રાજયકક્ષાની ઉજવણી થનાર છે. જેના અનુસંધાને, ૧૨મી ઓગસ્ટ સવારે ૧૦:૦૦ કલાકે એસઆરપી ગ્રાઉન્ડ થી ઈપ્કોવાળા હોલ, નડિયાદ સુધી ભવ્ય તિરંગા યાત્રા યોજાશે. જીલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવની અદયક્ષતામાં તેમજ ધારાસભ્યોની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાના આયોજન હેતુ કલેકટર કચેરી, નડિયાદ ખાતે બેઠક યોજાઈ હતી. જીલ્લા કલેકટર યાદવે શહેરના મહત્તમ નાગરિકોને તિરંગા યાત્રામાં જોડાવા અનુરોધ કર્યો.

પોલીસ બેન્ડની આગેવાનીમાં અંદાજીત ૫૦૦૦ જેટલા લોકો તિરંગા યાત્રામાં જોડાશે. જેમાં પોલીસ વિભાગ અને જીલ્લા વહીવટી તંત્રના કર્મીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમના સહભાગીઓ, કોલેજના યુવાનો અને નગરજનો પોતાના હાથમાં રાષ્ટ્રધ્વજ લઈ યાત્રામાં જોડાશે. તિરંગા યાત્રાને ૫ બેન્ડ દ્વારા દેશભક્તિના ગીતોની સુરાવલિઓ સાથે કાઢવામાં આવેશે.

આ બેઠકમાં ધારાસભ્યો સર્વ પંકજ દેસાઈ, કલ્પેશ પરમાર, સંજયસિંહ મહીડા, યોગેન્દ્રસિંહ પરમાર, અગ્રણી અજય બ્રહ્મભટ્ટ, જીલ્લા વિકાસ અધિકારી એસ.ડી. વસાવા, જીલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢીયા, નિવાસી અધિક કલેકટર ભરત જોષી, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક લલિત પટેલ સહિત સંબંધિત વિભાગના તમામ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ડિવાઈન વિદ્યા સંકુલના બે રમતવીરો ચમક્યા



લુણાવાડા,
વિરપુર તાલુકા અખિલ ભારતીય અંતર્ગત શાળાકીય રમત સ્પર્ધામાં તાલુકા કક્ષાએ ડિવાઈન વિદ્યા સંકુલના બે રમતવીરો ઝળહળ્યા અને પ્રથમ ક્રમે પસંદગી મેળવી ઉભિયા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ડિવાઈન વિદ્યા સંકુલમાં અભ્યાસ કરતા બે તેજસ્વી વિદ્યાર્થીઓએ શાળાનું નામ રોશન કર્યું છે.(૧) પરમાર ધનરાજસિંહ નાથાભાઈ બરછી ફેકમાં (૨) ઠાકોર કલ્પેશ રમેશભાઈ ચકફેકમાં તાલુકા કક્ષાએ પ્રથમ નંબર મેળવી જીલ્લાકક્ષા માટે પસંદગી મેળવી શાળાનું તાલુકામાં નામ રોશન કરેલ છે. જે બદલ આ બંને રમતવીર વિદ્યાર્થીઓને સમગ્ર લીમરવાડા ગામ અને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

## આપની આજ.......

મેષ :આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. તમારી અને ભાગીદારોની કમાણી કરવાની કોઈ બાબતે અલગ પડી શકો છે. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

વૃષભઃ આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે. પરંતુ તમારા ક્ષેત્રમાં કામ તે ગતિએ ચાલશે નહીં.

મિથુનઃ આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

કર્કઃ આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઈચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહઃ આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

કન્યાઃ આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઈક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે. આજે કોઈપણ પ્રકારની મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે.

તુલાઃ આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે. તમે તમારા જૂના વ્યવસાયની રીત પર ઉતરશો તે વધુ સારું છે

વૃશ્ચિકઃ તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે. કોઈ પણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને સમય લાગતો નથી.

ધનઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

મકરઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે. જો તમે ઉદ્યોગ ચલાવી રહ્યા છો તો નાના કર્મચારીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવાનું ભૂલશો નહીં.

કુંભઃ આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીનઃ આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે. તમારો મિલનસાર સ્વભાવ તમને સમાજ, ઘર અને કાર્યસ્થળમાં લોકપ્રિય બનાવશે.

# દાહોદ જીલ્લામાં વધુ એક નકલનો બનાવ ફતેપુરાના બલીયા સીએચસીમાં ગેરકાયદેસર રીતે કલાર્ક તરીકે નબલી વ્યકિત ફરજ બજાવતો હોવાનો કિસ્સો

દાહોદ,
દાહોદ જીલ્લામાં નકલી કચેરી, નકલી એનએ પ્રકરણ બાદ નકલી કારકુન સામે આવ્યો છે જેમાં ફતેપુરાના બલિયા ગામે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં નકલી એચલે કે બિન અધિકૃત રીતે કલાર્ક ફરજ બજાવતો હોવાની માહિતી મળતાં કોઈ જાગૃત નાગરિક દ્વારા આ મામલે બલેવા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જઈ સમગ્ર મામલાનો વિડિયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી દેતાં આ વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થતાં ચકચાર મચી જવા પામી છે ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવે તો અનેક સઘળી હકીકતો બનાવ આવે તેવી ચર્ચાઓએ પણ ભારે જોર પકડયું છે.

દાહોદ જીલ્લામાં એક પછી એક મસમોટા કીંબાંડો બહાર આવી રહ્યાં છે. દાહોદ જીલ્લો જાણે લોભીયા અધિકારીઓ તેમજ તેમના મળતીવાઓને ભ્રષ્ટાચાર, કૌભાંડ કરવા માટે માટે ખુલુ મેદાન મળી ગયુ હોય તેમ લાગી રહ્યું છે. નકલી કચેરીથી લઈ નકલી એનએ પ્રકરણમાં પોલીસ દ્વારા કેટલાંક આરોપીઓને જેલ ભેગા પણ કરી દેવામાં આવ્યાં છે. ત્યારે આ તમામની વચ્ચે વધુ એક આવોજ કિસ્સો સામે આવતાં પુનઃ એકવાર જીલ્લામાં સ્તબ્ધતા છવાઈ જવા પામી છે. જેમાં એક જાગૃત નાગરિક દ્વારા કતેપુરાના બલૈયા ગામે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરતાં જેમાં જાણવા મળ્યા અનુસાર, આ આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં કલાર્ક દ્વારા કોઈક અન્ય વ્યક્તિ જે બિન અધિકૃતને પોતાની ફરજ બજાવવા માટે અન્ય વ્યક્તિને મોકલવામાં આવતો હતો. આ બિન અધિકૃત કલાર્ક છેલ્લા ઘણા સમયથી આ સામુહોક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતો હતો અને બીલો પણ બનાવી પાસ કરી તેના પર સહિ, સિક્કા પણ કરતો હોવાનું સામે આવ્યું છે. આ વ્યક્તિ પાસે ન તો કોઈ હોઠો અને ન તો કોઈ ઓથેન્થેટીક ઓર્ડર ન હોવા છતાંયે આ સામુહિક કેન્દ્રમાં ફરજ બજાવતો હતો. ત્યારે આ સમગ્ર મામલાનો વિડીયો જાગૃત નાગરિકે પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લઈ સોશીયલ મીડીયામાં વાઈરલ કરવામાં આવ્યો છે. ત્યારે બીજી તરફ આ આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફિસર પણ સમયસર પોતાની ફરજ પર હાજર ન રહેતાં સારવાર માટે આવતાં દડીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે આવતા દર્દીઓને આ સામુહિક કેન્દ્રમાં ફરજ બજાવતી નર્સ તેમજ સિસ્ટર દ્વારા દર્દીઓને દવા સારવાર કરવા મજબુર થવુ પડે છે. ત્યારે આ સમગ્ર મામલે વાઈરલ વિડીયોની તપાસ હાથ ધરવામાં આવે તો આ બહલેવા સામુહિક કેન્દ્રમાં પણ નકલી કલાર્ક પોતાની ફરજ બજાવતો હોવાની હકીકત સામે આવે તેમ છે.

# ધાનપુર તાલુકાના ઉઘલ મહુડા ગામે બુટલેગરને પકડવા ગયેલ પોલીસ ઉપર પથ્થર મારો કરતાં પોલીસકર્મીને ઈજાઓ

દાહોદ,
દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના કંજેટાના જંગલના ઉઘલમહુડા ગામેથી ચકચાર મચાવી મુકી તેવો બનાવ સામે આવ્યો છે. જેમાં પોલીસને મળેલ બામતીના આધારે વિદેશી દારૂ લઈ જતા બુટલેગરોને પકડવા ગયેલ પોલીસ પર બુટલેગરોએ પથ્થર મારો કરતાં એક પોલીસ કર્મચારી ઘાયલ થયો હોવાનું તેમજ પથ્થર મારામાં પોલીસના વાહનાને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળે છે. ત્યારે ઘટનાની જાણ દાહોદ જીલ્લા પોલીસ વડા સહિત પોલીસ વિભાગને થતાં દાહોદ જીલ્લાનો ઉચ્ચ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ત્યારે પોલીસ પર પથ્થર મારો કરનાર બુટલેગરોને સોધી કાઢવા માટે પોલીસે કોમ્બીંગ હાથ ધર્યુ હોવાનું પણ જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વો, બુટલેગરો બેફામ બની રહ્યાં હોય તેમ લાગી રહ્યું છે. દાહોદ જીલ્લામાં અવાર નવાર વિદેશી દારૂની સાથે બુટલેગરોને પકડવા જતી પોલીસ પર બુટલેગરો દ્વારા પથ્થર મારો કરતાં હોવાના બનાવી પણ ભુતકાળમાં બની ચુક્યાં છે. ત્યારે આવોજ એક વધુ બનાવ સામે આવ્યો છે. જેમાં પોલીસને મળેલ બાતમીના આધારે આજરોજ સાંજના સમયે દાનપુરના કંજેટા જંગલના ઉઘલમહુડા વિસ્તારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરો પસાર થઈ રહ્યાં હોવાની બાતમી પોલીસને મળતાં પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને બુટલેગરોને પકડવા જતાં બુટલેગરો દ્વારા પોલીસ પર પથ્થર મારો શરૂ કરી દીધો હતો. બુટલેગરોના પથ્થર મારામાં પોલીસ કોન્સ્ટેબલ વિરસીંગભાઈ ભાભોરને શરીરે ઈજાઓ પહોંચી હતી. ત્યારે ઈજાગ્રસ્ત આ પોલીસ કર્મચારીને તાત્કાલિક ધોરણે દાહોદની હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. બુટલેગરોનો પોલીસ પર પથ્થર મારાની ઘટનાની જાણ દાહોદ જીલ્લા પોલીસ વડા સહિત જીલ્લા પોલીસને થતાં પોલીસ કાફલો તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે રવાના થયો હતો. પોલીસ વિસ્તારમાં કોમ્બીંગ હાથ ધરી બુટલેગરોને ઝડપી પાડવા માટેની કવાયતો હાથ ધરી છે. ઘટનાને પગલે સમગ્ર દાહોદ જીલ્લામાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



૯ ઓગસ્ટ, ૨૦૨૪

# વિશ્વ આદિવાસી દિવસ

## આદિજાતિ બાંધવોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ

**આદિજાતિ પરિવારનાં સપનાં થશે સાકાર,**
**આ છે પ્રગતિશીલ સરકારનો નિર્ધાર**



આ ઉજવણી રાજ્યના ૨૭ સ્થળો પર કરાશે.
જેમાં રાજ્યકક્ષાનો કાર્યક્રમ માનનીય મુખ્યમંત્રી **શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની અધ્યક્ષતામાં ખેડબ્રહ્મા ખાતે યોજાશે. જેનું જીવંત પ્રસારણમાં રાજ્યના ૨૬ સ્થળોએ કરાશે.



### સર્વાંગી વિકાસના મળ્યાં ઉમદા પરિણામ

વનબંધુ કલ્યાણ યોજના-૧ હેઠળ ₹૧.૦૬ લાખ કરોડના ખર્ચથી આદિજાતિ સમુદાય અને વિસ્તારોનો સર્વાંગી વિકાસ થયો, વનબંધુ કલ્યાણ યોજના-૨ માટે ₹૧ લાખ કરોડનું આયોજન. જેમાં છેલ્લા ૪ વર્ષમાં ₹૬૯,૮૮૦ કરોડની જોગવાઈ.



### ડેરી ઉદ્યોગ બન્યો રોજગારીનું માધ્યમ

સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત યુનિટ કોસ્ટ ₹૭૦,૦૦૦ થી વધારી ₹૯૦,૦૦૦ કરવામાં આવી, જેથી લાભાર્થીઓને પશુદીઠ મળતી સહાય (સબસિડી) ₹૪૫,૦૦૦થી વધી ₹૫૮,૦૦૦ થઈ



### રાજ્યના સરહદી ગામોનો વિકાસ

મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના અંતર્ગત સહાયમાં વધારો કરી ₹૧૦૦ કરોડ કરવામાં આવી, વર્ષ ૨૦૨૩-૨૪માં બોર્ડર પાસેના ગામોના વિકાસ માટે ૩૦૭૧ કામોને મંજૂરી



### PM-JANMAN અભિયાન

આ અભિયાન હેઠળ આદિમજૂથના વિસ્તાર માટેની ખૂટતી પાયાની જરૂરિયાત અને વ્યક્તિગત યોજનાઓ હેઠળ આવાસ, આંગણવાડી, પેટા આરોગ્ય કેન્દ્ર, વીજ જોડાણ, આયુષ્માન કાર્ડ વગેરેના લાભ માટે મિશન મોડ પર કામગીરી



### હળપતિ સમુદાયના સર્વાંગી વિકાસના પ્રયાસ

મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજનાનું પુનઃ ગઠન કરી જોગવાઈમાં વધારો કરી ₹૬૫.૭૧ કરોડ કરવામાં આવી, જે અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૭૩૦ વિકાસ કામોને મંજૂરી મળતા હળપતિ સર્વાંગી વિકાસને મળશે વેગ



### છાત્ર શિક્ષણ સહાયમાં વૃદ્ધિ

વર્ષ ૨૦૨૨-૨૩થી છાત્ર દીઠ સહાયમાં ₹૬૬૦નો વધારો કરવામાં આવ્યો, ૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ મેળવ્યો લાભ.



### આદિજાતિ બાંધવો માટે નવી પહેલ

આદિજાતિ લાભાર્થી પસંદગી પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બને, લાભાર્થીને સમયસર યોજનાનો લાભ મળે તે હેતુથી ગુડ ગવર્નન્સના ઉપક્રમે
https://dsagsahay.gujarat.gov.in
પોર્ટલ કાર્યાન્વિત

વધુ વિગતો માટે QR સ્કેન કરો
યોજનાનો લાભ મેળવો

**તારીખઃ ૯ ઑગસ્ટ, ૨૦૨૪, શુક્રવાર | સમયઃ સવારે ૧૦:૦૦ વાગે**
**સ્થળઃ આર્ડેક્તા ઈન્સ્ટિટ્યૂટ, નવી મેત્રા, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.**

## આદિજાતિના ઉત્કર્ષ માટે કટિબદ્ધ ગુજરાત સરકાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા ડેઈલી મીલ્સ રૂફરોચ રેસ્ટોરન્ટમાં જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે ચેકીંગ કરી ગ્રેવી અને દાલતડકાના નમુના મેળવ્યા

**આ રેસ્ટોરન્ટ માંથી થોડા દિવસ પહેલા ગ્રાહકના પનીર મસાલા સબજી માંથી વંદો નિકળ્યો હતો.**



ગોધરા,

ગોધરાના દાહોદ હાઈવે રોડ ઉપર આવેલ ડેઈલી મીલ્સ રૂફરોચ રેસ્ટોરન્ટમાં ગોધરા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ગ્રેવી તથા દાલતડકા બે ખાદ્ય ચીજોના નમુના લેવામાં આવ્યા. રાજયની ફુડ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

ગોધરા શહેરના દાહોદ હાઈવે રોડ ઉપર આવેલ ડેઈલી મીલ્સ રૂફરોચ રેસ્ટોરન્ટમાં ગ્રાહકને પીરસવામાં આવેલ સબજી માંથી વંદો નિકળતા વિવાદ થયો હતો. ગ્રાહક દ્વારા હોટલના સ્ટાફની સામે વિડીયો બનાવીને સોશ્યલ મીડીયામાં વાયરલ કર્યો હતો. રેસ્ટોરન્ટમાં આવેલ ગ્રાહકને પીરસવામાં આવેલ પનીરની સબજી માંથી વંદો નિકળતા હોટલની ગંભીર બેદરકારી સામે આવી હતી. ત્યારે જીલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર આવા બનાવો છતાં કોઈ કાર્યવાહી કરવામાં કેમ બેદરકારી દાખવી રહ્યા છે અને કોઈ દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે. તેવા અનેક પ્રશ્નો વચ્ચે ગોધરા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ડેઈલી મીલ્સ રૂફરોચ રેસ્ટોરન્ટમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. જીલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના ફુડ એન્ડ સેફટી ઓફિસર દ્વારા ફુડ એન્ડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ હેઠળ રેસ્ટોરન્ટ માંથી ગ્રેવી અને દાલતડકા બે ખાદ્ય ચીજોના નમુના લેવામાં આવ્યા હતા અને ગુજરાત રાજયની ફુડ લેબોરેટરીમાં તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે. જેના પૃથ્થકરણ અહેવાલ બાદ કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે સાથે સ્વચ્છતા બાબતે શીડયુલ-૪ મુજબ પાલન થતું ન હોય ફુડ એન્ડ સેફટી એકટ હેઠળ ઈમ્પુવમેન્ટ નોટીસ આપવામાં આવી છે. તેવું ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું.

# પંચમહાલના પ્રિયંકાબેન રાઠવાનું વિદેશમાં ઉચ્ચ અભ્યાસનું સપનું સાકાર કરતી ગુજરાત સરકાર



ગોધરા,

ગુજરાત રાજ્યમાં વસતા દરેક વર્ગના લોકોને વિકાસનો લાભ મળે એવા કલ્યાણકારી સંનિષ્ઠ પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યા છે સાથે સાથે વંચિતોના વિકાસ માટે રાજ્ય સરકારે સતત પ્રયત્નશીલ રહી વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. અનુસૂચિત જન જાતિના કલ્યાણ તથા સર્વાંગી વિકાસ માટે શિક્ષણ, આરોગ્ય, આવાસ રોજગાર લક્ષી સહાય અને સબસીડી, વીજ જોડાણ, સિંચાઈ વગેરે મળીને તમામ પ્રકારની સાધન સહાય અને સગવડો આપીને સમગ્ર દેશ માટે ઉદાહરણરૂપ કાર્ય કર્યું છે. અનુસૂચિત જન જાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને સ્નાતક પછીના અભ્યાસક્રમ માટે વિદેશ અભ્યાસ કરી શકે તથા પોતાની ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે ગુજરાત આદિજાતી વિકાસ નિગમ દ્વારા વિદેશ અભ્યાસ લોન યોજના કાર્યરત છે.

આ યોજના થકી વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂપિયા ૧૫ લાખની લોન વાર્ષિક ૪ ટકાના દરે સહાય મેળવનાર પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાના ઉભરવણ ગામનાપ્રિયંકાબેન રાઠવા જણાવે છે કે, તેઓ વિદેશમાં જઈને અભ્યાસ કરવા માંગતા હતા, પણ વિદેશમાં અભ્યાસ કરી શકે તે માટે તેમની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. આ સમયે તેમણે તેમના સગા મારફત ગુજરાત સરકારની વિદેશ અભ્યાસ લોન અંગેની માહિતી મળતા જીલ્લા પ્રાયોજના કચેરી, ગોધરા ખાતે મુલાકાત લીધી હતી. કચેરીના અધિકારી તેમજ કર્મચારીઓ તરફથી ખૂબ જ સાથ સહકાર મળ્યો હતો. ઉપરાંત સદર યોજના વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ યોજનાનો લાભ લેવા માટે તેમણે ઓનલાઈન અરજી કરી હતી.સરકરાના માપ દંડો હેઠળ તેમની અરજી મંજુર થતા તેમને રૂ.૧૫ લાખની વિદેશ અભ્યાસ માટે સહાય મળી હતી.

તેઓ ખુશી સાથે જણાવે છે કે,સરકારની સહાયથી તેમણે અને તેમના પરિવારે પોતાના સ્વપન સાકાર કર્યા છે. જિંદગીમાં પ્રથમવાર હું મારા સ્વપન પુરા કરવા પ્લેનમાં બેઠી હતી તેનો અનુભવ આજે પણ મને યાદ છે. તેમણે યુનિવર્સિટી ઓફબેડફોર્ડસાયર લ્યુટોન, યુ.કે. ખાતે જઈને એમ.એસ.સી ઈન્ટરનેશનલ બિઝનેસનો ૧ વર્ષનો અભ્યાસ પુર્ણ કર્યો હતો. આ અભ્યાસક્રમ પછી એકાઉન્ટિંગનો પણ અભ્યાસક્રમ પુર્ણ કરીને અત્યારે યુ.કે. ખાતે તેઓ નોકરી કરી રહ્યા છે. પ્રિયંકાબેન પરિવાર સાથે યુ.કે. ખાતે સેટલ થયા છે. તેમના સસરા વિનોદભાઈ હાલોલ ખાતે રહે છે અને તેમને નિયમિત ડાયાલીસીસ કરાવવું પડે છે. પ્રિયંકાબેન નોકરીની સાથે પરિવાર માટે પણ આર્થિક ઉપાર્જનનો સહારો બન્યા છે. હુંનિયમિતપણે મળેલ સહાયના હપ્તા ચૂકવી રહી છું. શૈક્ષણિક કારકિર્દી બનાવવાની તક આપવા બદલ અને સપનાઓ સાકાર કરવા બદલ તેઓ ગુજરાત સરકારનો ખરા હૃદયથી આભાર વ્યક્ત કરે છે. આ સાથે તેઓ આદિજાતી વિસ્તારના અનુસૂચિત જન જાતિના અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં જઈને ઉચ્ચ અભ્યાસ માટે સદર યોજનાનો લાભ લેવા અનુરોધ કરે છે.

પંચમહાલ પ્રાયોજના વહીવટદાર ડી.આર.પટેલ જણાવે છે કે, જીલ્લાના આદિજાતી વિસ્તારના લોકો માટે સરકારની અનેકવિધ યોજનાઓ કાર્યરત છે. તેમણે આ યોજના અંતર્ગત જણાવ્યું કે, અરજદારે મેટ્રીકયુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ પરીક્ષામાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ કે જેઓ ઉચ્ચ શિક્ષણ માટે વિદેશની યુનિવર્સીટીમાં પ્રવેશ મેળવેલ હોય તેમને આ લાભ આપવામાં આવે છે. આ યોજના હેઠળ કોઈ આવક મર્યાદા નથી. વિદ્યાર્થીએ અભ્યાસ પૂર્ણ થયા બાદ છ માસ પછીથી માસિક/૬૦ હપ્તામાં સહાયની ભરપાઈ કરવાની રહે છે.

# કાલોલ વેરાઈમાતાના મંદિર પાસે વીજવાયર ઉપર પડેલું વૃક્ષ એમજીવીસીએલે દૂર કર્યુ ત્યારે થાંભલો તૂટયાનો વિડીયો વાયરલ



કાલોલ,

કાલોલ થી જેતપુર, ઘોડા, તરવડા જવા માટેના રસ્તે વેરાઈ માતા મંદીર પાસે વૃક્ષ વીજ લાઈન ઉપર પડતા મીડિયાના અહેવાલ આધારે એમજીવીસીએલ દ્વારા ટ્રેકટર લાવી વૃક્ષ દુર કરેલ અને રસ્તો કલીયર કરેલો ત્યારે થાંભલાનો નીચલો હિસ્સો તૂટી ગયેલો દેખાતા સ્થાનિક દ્વારા તેનો વીડિયો બનાવી કોઈ પણ વ્યકિતને કરંટ લાગવાની શકયતા હોવાનું જણાવી વિડિયો એમજીવીસીએલને મોકલતા આ થાંભલો નવો નાખવાની તૈયારી બતાવેલ. આમ, પંચમહાલ સમાચારના અહેવાલને પગલે બે દિવસથી પડી રહેલા વૃક્ષને રસ્તા ઉપર થી દુર કરવા માટે અને નવો થાંભલો નાખવાની તજવીજ શરૂ થતા સ્થાનિકોમાં આનંદ વ્યાપી ગયો છે. જેથી ગામ જનો તેમજ રાહદારીઓ એ મીડિયાનો આભાર વ્યકત કર્યો હતો.

# ગોધરા તાલુકાના વાવડીખુર્દના ફરિયાદીએ વ્યાજે લીધેલ અઢી લાખના બદલામાં ૪ લાખ આપવા છતાં ચેક નાખી નોટીસ કઢાવી પરેશાન કરતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના વાવડીખુર્દ ગામે રહેતા ફરિયાદીના ભાઈને વિદેશ જવાનું હોવાથી આરોપી પાસેથી અઢી લાખ રૂપીયા ૧૦ ટકાના વ્યાજે લીધેલ અને બેંક એકાઉન્ટના ચાર કોરા ચેક આપ્યા હતા. વ્યાજે લીધેલ નાણાં પૈકી ૪,૦૦,૦૦૦/- રૂપીયા વ્યાજ સહિત ચુકવેલ હતા છતાં ૨ લાખની માંગણી કરી નીહ આપે તો ખોટા કેશમાં ફસાવી દેવાની ધમકી આપી હતી અને કોરા ચેક બેંકમાં નાખી ફરિયાદીના નામે નોટીસ કાઢી દબાણ પૂર્વક ચાર ચેક કઢાવી ખોટી રીતે હેરાન પરેશાન કરી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના વાવડીખુર્દ ગામે રહેતા ફરિયાદછી વિજયકુમાર ઉર્ફે ભરત આપાભાઈ ચારણના ભાઈ શાંતિભાઈને વિદેશ જવાનું હોય જેથી આરોપી રણછોડભાઈ ગભાભાઈ ભરવાડ (રહે. ગોધરા રોડ, દાહોદ) પાસેથી અઢી લાખ રૂપીયા ૧૦ ટકા વ્યાજે લીધા હતા. બદલામાં ફરિયાદીના બેંક એકાઉન્ટના ચાર ચેક કોરા સહીવાળા લીધેલ હતા. ફરિયાદીએ વ્યાજે લીધેલ રૂપીયા વ્યાજ સહિત ૪૦,૦૦,૦૦૦/-રૂપીયા ચુકવી દીધા હતા છતાં આરોપીએ બીજા ૨,૦૦,૦૦૦/-રૂપીયાની માંગણી કરી હતી નહિ આપે તો ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી અને ફરિયાદી વિજયકુમાર ઉર્ફે ભરતભાઈ ચારણના ચેકો બેન્કમાં મનસ્વી રીતે નાખી ફરિયાદીના નામ નોટીસ કાઢી તેમજ દબાણપૂર્વક નકકી કર્યા કરતા ચાર ચેક કઢાવી ખોટી રીતે હેરાન પરેશાન કરતાં આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# હાલોલના આંબાતળાવ ગામે ઈકો ગાડી માંથી ૧.૮૫ લાખના ઈંગ્લીશ દારૂ સાથે બુટલેગરને ઝડપ્યો



હાલોલ,

હાલોલ તાલુકાના આંબાતળાવ ગામે ઈકો ગાડી માંથી ૧.૮૫ લાખ રૂપીયાના ઈંગ્લીશ દારૂ સાથે બુટલેગરને રૂરલ પોલીસે ઝડપી પાડયો હતો.બ

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના આંબાતળાવ ગામે રહેતા બુટલેગર પ્રવિણ ઉર્ફે પરિયા સોલંકીની ઈકો ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે. તેવી બાતમીના આધારે હાલોલ રૂરલ પોલીસે રેઈડ કરી હતી અને ઈકો ગાડી માંથી અલગ-અલગ બ્રાન્ડ ઈંગ્લીશ દારૂના કવાટરીયા નંગ-૧૮૫૯ તથા બીયર ટીન નંગ-૩૧૮ મળી કિંમત ૧.૮૫ લાખનો દારૂ તેમજ ઈકો ગાડી મળી કુલ ૩,૩૦,૫૦૦/- રૂપીયાના મુદ્દામાલ સાથે બુટલેગરને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# કાલોલ પોલીસ દ્વારા જાહેર માર્ગ ઉપર "હર ઘર તિરંગા" અંતર્ગત તિરંગાઓનું વિતરણ કરી કાર્યક્રમ યોજયો



કાલોલ,

કાલોલ પોલીસ સ્ટેશન સ્ટાપ ને ઉપલા અધિકારી દ્વારા સૂચના અને માર્ગદર્શન આપેલ કે તારીખ ૮/૮/૨૦૨૪ નારોજ ૧૬/૩૦ થી ૧૭/૩૦ કલાકે જાહેર સ્થળો ઉપર હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત જાહેર સ્થળો ઉપર તિરંગાનું વિતરણ કરવાનું હોય અને હર ઘર તિરંગા કાર્યક્રમ યોજવાનો હોય જેથી તે મુજબ કાલોલ પોલીસ સ્ટેશન ના પી. આઈ. આર.ડી.ભરવાડ તેમજ કાલોલ પોલીસ સ્ટેશન સ્ટાપ દ્વારા જાહેર માર્ગ ઉપર હર ઘર તિરંગા અંતર્ગત કાર્યક્રમ યોજયો હતો અને બાઈક ચાલકો તેમજ ફોર વહીલ(કાર) ચાલકો તેમજ તમામ અન્ય વાહન ચાલકોને તિરંગા ઓનું ફ્રીમાં વિતરણ કરી કાર્યક્રમ યોજયો હતો. જેમાં કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.ડી.ભરવાડ તેમજ કાલોલ પોલીસ સ્ટાપ દ્વારા તમામ વાહન ચાલકોને ફ્રી માં તિરંગાઓનું વિતરણ કરતા તમામ વાહન ચાલકોમાં ખુશી જોવા મળી હતી અને કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર.ડી.ભરવાડ તેમજ કાલોલ પોલીસ સ્ટેશનના સ્ટાપ દ્વારા હર ઘર તિરંગા અંતર્ગત કાર્યક્રમને સફર બનાવિયો હતો.

# શહેરા તાલુકાની સગીરાને ભગાડી દુષ્કર્મ આચરનાર આરોપી શિક્ષકને ૨૦ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકારતી કોર્ટ

શહેરા,

શહેરા તાલુકાની એક ગામની સગીરાને ભગાડી લઈ જઈ દુષ્કર્મ આચરવાના જુનાના આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેસ ચોથા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં સરકારી મદદનિશ વકીલની દલીલોને ધ્યાને લઈ આરોપી શિક્ષકને ૨૦ વર્ષની સજા અને દંડ ફટકારવામાં આવ્યો.

શહેરા તાલુકાના એક ગામની સગીરાને સપ્ટેમ્બર-૨૦૨૨ના વર્ષમાં આરોપી શિક્ષક નિમેષભાઈ મોતીભાઈ પટેલ (રહે. સંસ્કારનગરી, ગોધરા. મૂળ. રહે. મલેકપુર, તા.કડાણા) સગીરાને પટાવી ફોસલાવી લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરવા માટે સગીરાને ભગાડી લઈ ગયેલ હતો. આ બાબતે શહેરા પોલીસ મથકે ઈ.પી.કો. કલમ-૩૬૩,૩૬૬ તથા પોકસો અધિનિયમ-૨૦૧૨ કલમ-૧૨ તથા એટ્રોસીટી એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો અને પોલીસે કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતી. આ કેસ પંચમહાલ સ્પે.જજ તથા ચોથા એડી.સેશન્સ જજ આર.જે.પટેલની કોર્ટમાં ચાલી જતાં રેકર્ડ ઉપર આવેલ પુરાવાને ધ્યાને લઈ સરકારી મદદનીશ વકીલ આર.એમ.ગોહિલએ વિગતવાર દલીલો કરેલી દલીલો સાંભળ્યા બાદ આરોપી શિક્ષક નિમેષભાઈ મોતીભાઈ પટેલને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા તથા ૩૦,૦૦૦/-રૂપીયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.



















Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.297